**કેશોદના મ્હે. એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કેશોદ**

**ફોજદારી કેસ નં.૧૦૫૯/૨૦૨૫**

**આંક–૧૨**

શ્રી સ ર કા ર . . . **ફરિયાદી**

**વિરૂધ્ધ**

જેન્તીભાઈ જેઠાભાઈ વણપરીયા **આરોપી**

ગુનો :– **મોટર વીહીકલ એકટ ની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬ (૧)(બી) મુજબ...**

**– : : ચુ કા દો : : –**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મોટર વીહીકલ એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી છે. આ ફરીયાદ સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ મોટર વીહીકલ એકટ ની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) હાલની ફરિયાદના કામે આરોપીએ હાજર થઈ, ગુનો કબુલ કરવાની લેખિત પુરસીસ આપતા તથા આરોપીની આ ગુના સંદર્ભે પ્લી નોંધતાં આરોપીને આ ગુનો કબુલ હોવાનું આરોપી જણાવે છે. આરોપીની ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતાં આરોપી તરફે એવી રજુઆત છે કે, તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તે તેમના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપીને કોર્ટ કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માંગે છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય ઓછામાં ઓછી સજા ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ ધ્યાને લેતાં, તેમાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો

કબુલ કરેલાનું જણાઈ આવતું હોય, રેકર્ડ, અને આરોપીની કબુલાત પુરસીશમાં જણાવેલ કારણો ઘ્યાને લેતાં તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ઘ્યાને લેતાં તથા આરોપીની કૌટુંબીક પરિસ્થિતિ અને સામાજિક સંજોગો અને તે સાથે આ કેસના સંજોગો ઘ્યાને લેતાં, આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વાજબી સંજોગો રહેલા છે તેવુ માનતા, નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ઘ્વારા ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ ''ગુજરાત રાજય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર''ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– : : **<u>આ ખ રી</u> <u>હુ ક મ</u>** : : –

આ કામના આરોપીને મોટર વીહીકલ એકટ ની કલમ–૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૫૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) નો દંડ અને પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦/–( એકસો પુરાનો) દંડ મળી કુલ રૂા. ૫૧૦૦/–(અંકે રૂપિયા પાંચ હાજર એકસો પુરાનો) દંડ ફરમાવવામાં આવે છે અને દંડની રકમ ન ભરે તો દિન – ૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ જે કબ્જે કરેલ હોય તો તેનો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો કાયદેસરની પ્રક્રિયા પુર્ણ કરી તેના માલીકાપણાની ખરાઈ કરી માલિકને પરત કરવો. બીન કિંમતી મુદામાલનો નાશ કરવો.

આ હુકમ આજ તારીખ: ૧૪મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.
તારીખ :૧૪–૦૩–૨૦૨૬

(વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કેશોદ.
૮૦૯૬૬,૮,૯